**રે.દિ.મુ.નંબર:૪૨/૨૦૧૫**

**– :: <u>આંક–૫ ની અરજી હેઠળ હુકમ</u> :: –**

**૧.** વાદીઓની હાલની આંક–૫ ની અરજીની ટુંક હકીકત એ છે કે, વાદીઓએ આ કામના પ્ર તિવાદીઓ વિરૂધ્ધ વેચાણ દસ્તાવેજ રદૃ કરવા તથા કાયમી મનાઈ હુકમ મળવા તેમજ વિજ્ઞાપન કરી આપવા દાવો દાખલ કરેલ છે.

વાદીનુ કથન છે કે, રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના અરડોઇ ગામના રેવન્યુ સર્વે નંબર : ૪૦૦ પૈકી ૨ ની હેકટર. આર. ૮–૩૩ની ગુઠાની જમીન વાદીના પિતા ગુજરનાર ભીમજીભાઇ બેચરભાઇ કાનકડીયાની મુળ માલીકીની અને વડીલોપાર્જીત છે. તેની રેવન્યુ નોંધ અરડોઇ ગામમાં ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૧૦૯૦ થી અનુક્રમ નં. ૧૯૪૨ મુજબ નોંધ થયેલી છે. દાવાવાળી જમીન વાદીના પિતાની માલીકી, કબજા, ભોટવટાની આવેલ. આમ દાવાવાળી જમીન વાદીના પિતા માલીકીની મિલકત આવેલ તેમાં વાદીઓનો કાયદેસરનો વારસાઈ હકક, હિત, હિસ્સો સમાયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ભીમજીભાઇ બેચરભાઇ કાનકડીયાનું તારીખ : ૦૭/૦૩/૨૦૧૧ ના રોજ અવસાન થતા તેમના સીધી લીટીના વારસદારોની વિગત હાલની અરજીના પેરા ૭ માં જણાવવામાં આવેલ છે અને જણાવેલ છે કે, હિન્દુ વારસા ધારા મુજબ વાદી સદરહુ જમીનના આપોઆપ માલીક અને કબજેદાર બને છે અને તે રીતે સદરહુ જમીનની માલીકી, કબજો, ભોગવટો વાદીના પિતા ધરાવતા હતા અને તેઓના અવસાન બાદ વાદી સંયુકત રીતે ધરાવે છે.

વધુમાં વાદી જણાવે છે કે, દાવાવાળી જમીનમાં અમારો હકક હીસ્સો આવેલો હોવા છતાં અમો વાદીની વાદગ્રસ્ત જમીનમાં સંયુકત રીતે કબ્જો ભોગવટો હોવા છતાં પ્રતીવાદીઓ રેવન્યુ અધિકારી સાથે મીલાભીપણુ કરી અમારો હક હીસ્સો ડુબાડીને ખોટી રેવન્યુ નોંધ દાખલ કરાવેલી અને ખોટો વારસાઇ આંબો બનાવેલ છે. અને પ્રતીવાદીઓ એક સંપ કરી અન્ય ત્રાહિત વ્યકિતઓને દાવાવાળી જમીન વેચાણ આપવાની તજવીજ કરી રહયાનો અમોને જાણવા મળેલ છે. આ કામના પ્રતીવાદીઓ અમારી વારસાઈ હકક, હીત હીસ્સાવાળી ખેડવાણ જમીન અમારી જાણ કે સંમતિ વિના કે, સહી વિના હકક અને હીત હીસ્સાવાળી ખેડવાણ જમીન અમારી જાણ કે સંમતિ વિના કે સહી, વિના હકક અને હીત ડુબાડવાના બદઆશયથી ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરી આપવાની તજવીજ કરી રહયા છે. અને અમોને હકક હીસ્સો આપવો નથી તેમ જણાવી વાણી, વર્તન, વ્યવહારથી પ્રતીવાદીઓ ખેતીની સંયુકત હીસ્સાવાળી અને ભોગવટાવાળી જમીન બારોબાર

અન્ય ત્રાહિત વ્યકિતને વેચાણ કરી નાખવા માંગે છે. અને અમો વાદીને અમારા બંધારણીય હકકથી વંચીત કરી નાખવા માંગે છે.

વધુમાં વાદીઓ જણાવે છે કે, દાવાવાળી જમીનનામાં અમો વાદી અને પ્રથીવાદી નં. ૧ થી ૭નો સંયુકત હકક હીસ્સો આ જમીન ઉપર રહેલો છે. હિન્દુઓના વારસા હક ધરાવે છે. ત્યારે કાયદા વિરુધ્ધ જઇ હાલના પ્રતિવાદીઓ માત્ર પોતાની એકલાની જમીન હોય તે રીતે વારસાઇ નોંધ દાખલ કરાવી જમીનની ગેરકાયદેસર હેરાફેરી કરવાં માંગે છે. અને અમારો હકક હીસ્સો પ્રતિવાદીઓ આપવા માંગતા નથી. જેથી અમારે હાલનો આ દાવો લાવવાની જરૂર ઉભી થયેલ છે. અમોએ અમારો હકક હીસ્સો માંગેલ જેની લીગલ નોટીસથી અમોએ રજી. એડીથી કરેલ. તેમાં તેઓએ જવાબ સાવ ખોટી હકીકતો જણાવી વળતો જવાબ આપેલ છે.

વધુમાં વાદીઓ તેમની હાલની અરજીમાં જણાવે છે કે, વાદીઓના પુર્વજનું અવસાન થતાં તેમના નામે આવેલ ઉપરોકત દાવાવાળી જમીનમાં વાદીઓના નામે વારસાઈ નોંધ કરાવવા અરજી કરેલ જે નોંધ નંબર : ૪૪૬૪ થી કાચી નોંધ દાખલ થયેલ જેમાં આ કામના અમો વાદી ભીમજીભાઇ બેચરભાઇ સીધીલીટીના વારસદાર હોવા છતાં અમારુ નામ છુપાવેલ અને અમારો હકક ડુબાડી ત્યારબાદ પ્રતિવાદી નં. ૪,૫,૭ નાએ નોંધ નં. ૫૧૬૦થી વહેચણી કરી લીધી અને નોંધ નં. ૫૧૦૫ થી પ્રતિવાદી નં. ૧,૨,૩,૬,૭ના એ પોતાનો હકક જતો કરેલ આમ આ બધી ખોટી નોંધની જાણ અમો વાદીને થતા અમોને નાયબ કલેકટર સાહેબ રાજકોટ સમક્ષ્મ તા. ૨૧/૦૫/૨૦૧૫ ના રોજ અપીલ દાખલ કરેલી છે.

વધુમાં વાદીઓ તેમની હાલની અરજીમાં જણાવે છે કે, સદરહું ખેતીની જમીનમાં સંયુકત હીસ્સો આવેલો હોય અને સંયુકત રીતે કબ્જો ભોગવટો કરતા હોય અમો વાદીને ખેતીની જમીન જરૂરિયાત હોય અમારા હીસ્સાની જમીનો હીસ્સો કરી આપવા જરૂરી હોય જેમાં આ કામના પ્ર તિવાદીઓ એક બીજા સાથે મીલાપીપણુ કરી કૌટુંબિક ઝગડાને કારણે અમારા હીસ્સા સહીતની જમીન વેચાણ કરી દેતા અમારે અમારા ભાગની જમીનથી વંચીત રહેવુ પડે તેમ છે. અને અમોને મોટું નુકશાન જાય તેમ છે.જેથી અમારા હીસ્સાની જમીન જુદા કરી આપવા માટે પ્ર તિવાદીઓ સંમતિ કે સહીઓ ન આપતા હોય અમારા હકક હીસ્સાની જમીન જેમાં અમારૂ હીત રહેલ છે. તે આપવાનો પ્રતિવાદીઓ અમારા હકક, હીત હીસ્સાથી વંચીત રાખવા માગે છે.

દાવાવાળી ઉપરોકત જમીનમાં વાદીઓનો કાયદેસરનો હકક, હિત, હિસ્સો સમાયેલ હોય

આ કામના પ્રતિવાદીઓ વેચાણ દસ્તાવેજ તથા રેવન્યુ રેકર્ડના આધારે દાવાવાળી જમીન જાતે કે તેમના મુખત્યાર કે એજન્ટ મારફત અન્ય કોઈને વેચાણ, ગીરો, બોજો, બક્ષીસ, વહેંચણી કે અન્ય રીતે ટ્રાન્સફર, એસાઈન કરે–કરાવે નહી, બાંધકામ કરે કરાવે નહી કે હેતુફેર કરે–કરાવે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી કામચલાઉ મનાઈ હુકમ વાદીઓની તરફેણમા અને પ્રતિવાદીઓની વિરુધ્ધમા ફરમાવવા અરજ કરેલ છે.

૨. આ કામે વાદીઓની આંક–૫ ની મનાઈ અરજી સંબંધે પ્રતિવાદીઓ ને સમન્સ નોટીશ કરતા આ કામનાં પ્રતિવાદી નં–૩ સિવાયના પ્રતિવાદીઓઓએ વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજી વિરુધ્ધ આંક–૧૪ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી નં–૩ ની સામે હાલનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. આંક–૧૪ થી પ્ર તિવાદીઓ લેખિત જવાબ રજુ કરી મુખ્યત્વે જણાવેલ છે કે વાદીની અરજી ખરી ન હોય રદ થવાને પાત્ર છે.વાદીનો દાવાવાળી મિલ્કતમાં કોઇ હકક ન હોય તેમજ દાવાવાળી જમીનના ટાઇટલ પણ વાદી પાસે ન હોય વાદીને દાવો તથા મનાઇહુકમની અરજી લાવવા કોઇ જ અધિકાર નથી.વાદીનો દાવાવાળી મિલ્કતમાં તેઓનો કોઇ હકક નથી તેમ છતાં જાણી જોઇને નામદાર કોર્ટ સમક્ષ સત્ય હકીકત છુપાવી અમો પ્રતિવાદીઓની મિલ્કત ડીસ્પ્યુટેડ કરવાના બદઈરાદાથી પૈસા પડાવવા એકમાત્ર હેતુથી હાલનો દાવો લાવેલ છે. જેથી દાવો તથા મનાઇહુકમની અરજી રદ થવાને પાત્ર છે.

વધુમાં પ્રતિવાદીઓ તેમના લેખિત જવાબમાં જણાવે છે કે, વાદીએ દાવાવાળી મિલ્કતમાં કઇ રીતે અધિકાર છે તેવું જણાવ્યા વગર દાવો કરેલ છે તેમજ વિશેષમાં દાવાવાળી મિલ્કતમાં વાદીનો કઇ રીતે કેટલો હિસ્સો આવેલ છે તે અંગે પણ મૌન સેવેલ છે. વિશેષમાં અમો પ્ર તિવાદીઓના નામે પડેલ નોંધ નં. ૪૪૬૪ તથા ત્યારપછીના નોંધો રદ કરવા અંગે વાદીએ ડેપ્યુટી કલેકટર સમક્ષ અપીલ કરેલ જે અપીલ પણ ડેપ્યુટી કલેકટરશ્રીએ રદ કરેલ છે. આમ અમો પ્ર તિવાદીઓના હકકો મામલતદાર તથા ડેપ્યુટી કલેકટર કાયમ કરેલ છે જે સામે આજ સુધી વાદીએ અપીલ કે રીવીઝન કરેલ નથી. વિશેષમાં વાદીએ અમો પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરીયાદ સ્વરૂપની અરજી કરેલ તેમાં પણ આજ દિવસ સુધી કોઇ ગુન્હો દાખલ થયેલ નથી. આમ સર્વાંશે વાદી કોઇ રીલીફ મેળવવા પાત્ર નથી તેમ છતા હાલનો આધારીત દાવો લાવેલ છે. જે દાવો તથા મનાઇ હુકમની અરજી રદ થવાને પાત્ર છે.

વાદી પ્રતિવાદી નં. ૨ થી ૫ એક જ પિતા ભીમાભાઈ બેચરભાઈ કાનકડીયાના સંતાનો હોવાનું વાદીએ સાબીત કરવાનું રહે છે.વાદીની દાવા અરજી પારા –૫ તથા મનાઈ હુકમની અરજીના પારા–૪ અંગે જણાવવાનું કે વાદીના પિતાશ્રી ભીમજીભાઈ બેચરભાઈનું તા. ૦૭/૦૩/૨૦૧૧ના રોજ અવસાન થયેલ હોવાનું ખરુ છે, વાદીના પિતાશ્રીએ વડીલોપાર્જીત વારસાઈથી જમીન મળેલી હોવાનું ખરુ છે. પરંતુ તેની રેવન્યુ રેકર્ડ નોંધ અરડોઈ ગામના ગામ નમુના નં. ૬ માં નોંધ ૧૯૪૨ મુજબ નોંધ થયેલી હોવાનું ખરુ છે. વાદીના પિતાશ્રીએ અવસાન બાદ અમો પ્રતિવાદીઓએ ખોટી વારસાઈ નોંધ નં. ૪૪૬૪ મામલતદારશ્રીએ યોગ્ય રીતે જ કાયદાની પ્રક્રિયા અનુસરીને મંજુર કરેલ છે, અને જે યોગ્ય રીતે જ મામલતદારશ્રીએ વહેચણી અંગેની નોંધ નં. ૫૧૦૫ પ્રમાણીત કરેલ છે. અમો પ્રતિવાદી નં. ૧,૨,૩,૬,૭ ના એ પોતાનો હકક જતો કરેલ હોવાનું ખરુ છે. આ બધી નોંધની જાણ વાદીને થતાં વાદીએ નાયબ કલેકટર સાહેબ રાજકોટ સમક્ષ તા. ૨૧/૦૫/૨૦૧૫ ના રોજ અપીલ દાખલ કરેલ હોવાનું ખરુ છે. પરંતુ જે અપીલ ડેપ્યુટી કલેકટરશ્રીએ નામંજુર કરેલ છે. વાદી સાથે અમો પ્રતિવાદીઓએ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ તે સંદર્ભે પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ કરેલ પરંતુ તે ફરીયાદમાં કોઈ તથ્ય ન હોય પોલીસે કોઈ ગુન્હો દાખલ કરેલ નથી.

દાવાવાળી જમીન વડીલોપાર્જીત નહી પરંતુ પ્રતિવાદીના પિતાશ્રીની સુવાંગ માલીકની આવેલ, દાવાવાળી જમીનમાં વાદીનો કોઈ હકક, હિત, હિસ્સો નથી. વાદીનો આપ. નામ. સાહેબની હકુમતમાં ન આવતો હોવાને કારણે આપ. નામ. સાહેબને આ દાવો ચલાવવા હકુમત નથી તેમજ વાદી જ તેમની દાવા અરજીના પારા –૧૧ માં જમીનની કિંમત રૂ. ૮,૬૭,૫૫૦ થાય છે તેવું જણાવે છે તેથી હાલનો દાવો સ્પેશ્યલ દાવા તરીકે ટ્રીટ થાય તેવું અમો પ્રતિવાદીઓનું નમ્ર પણે માનવું છે.

વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈર રીપરેબલ લોસ વાદીના પક્ષે હોવાનું ખરુ નથી. વાદીને માગ્યા મુજબનો મનાઈહુકમ ન આપવામાં આવે તો નાણામાં ન સુધરી શકી તેવું નુકશાન જાય તેમ હોવાનું ખરુ નથી, પ્રતિવાદીઓને કોઈ જ નુકશાન ન હોવાનું ખરું નથી, બલ્કે ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોવાનુ ખરું નથી.

ઉપરોકત તમામ સંજોગો, હકીકતો અને કાયદાની પરિસ્થિતી જોતા વાદીઓ તેમની દાવા અરજી પારા–૧૨ ના સબ પારા–૧ થી ૫ તથા મનાઈ હુકમની અરજી પારા–૧૦ ના સબ પારા –૧થી ૩ મુજબ કોઈ રીલીફ મેળવવા હકકદાર નથી તેમજ દાવાવાળી જમીન વાદીઓના કબ્જો જ

**આવેલ ન હોય ત્યાં વાદીઓ કોઈ દાદ કે દાદો માંગતા નથી.ઉપરોકત તમામા સંજોગો, હકીકતો તથા કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લઈ વાદીની દાવા અરજી તથા મનાઈહુકમની અરજી નામંજુર કરવા યોગ્ય હુકમ કરવા અરજ છે.**

**૩.** **ત્યારબાદ વાદી તરફે આ કામે આંક–૨૧ થી કાઉન્ટર સોગંદનામુ રજુ કરેલ છે જેમા પ્રતિવાદીઓના લેખિત જવાબની હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી હોવાનુ તથા માત્ર વાદીના હક હીતને નુકશાન કરવાના ઈરાદાથી અને વાદીનો હીસ્સો સવાલવાળી જમીનમાંથી ન આપવાના ઈરાદે કાયદાથી વિપરીત જવાબ આપેલ હોવાનુ જણાવેલ છે.**

**૪.** **<u>વાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.</u>**

(૧) માર્ક–૪/૧ થી જમીનના ૭/૧૨ તથા ૮અ અસલ

(૨) માર્ક–૪/૨ થી પ્રમોગેશન એન્ટ્રીઓ અસલ

(૩) માર્ક–૪/૩ થી વારસાઈ આંબો અસલ

(૪) માર્ક–૪/૪ થી વાદીના શાળા છોડયાનુ સર્ટી.ની ખરી નકલ

(૫) માર્ક–૪/૫ થી લીગલ નોટીસની ખરી નકલ

(૬) માર્ક–૪/૬ થી પ્રતિવાદીએ લીગલ નોટીસનો આપેલ જવાબની નકલ

(૭) માર્ક–૪/૭ થી રજી.એ.ડી.ની પહોંચ અસલ

(૮) માર્ક–૪/૮ થી નાયબ કલેકટરશ્રી રાજકોટમાં કરેલ અપીલ ની નકલ

(૯) માર્ક–૪/૯ થી ફરીયાદની નકલ

**૪.૧..<u>પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાનં લીસ્ટ રજુ કરેલ છે.</u>**

(૧) માર્ક–૨૪/૧ થી નાયબ કલેકટરશ્રીનો હુકમ

**૫..** **ત્યારબાદ સદર કામે વાદીના વિ.વકીલશ્રીએ રજુ કરેલ લેખિત દલીલો વંચાણે લીધી તથા પ્રતિવાદીના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળી.**

**૬..** **રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતાં આ અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા નિર્ણિત કરવાના રહેશે.**

**૧.** **શું વાદી સાબીત કરે છે કે, તેનો પ્રથમ દર્શનીય કેસ છે ?**

**૨.** **શું વાદી સાબીત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેની તરફેણમાં છે ?**

૩. શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાં માં ન માપી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

**૭..** ઉપરોકત મુદ્દાના નિર્ણય અને કારણો નીચે મુજબ છે.

૧. અંશતઃ હકારમાં

૨. અંશતઃ હકારમાં

૩. અંશતઃ હકારમાં

૪. આખરી હુકમ અનુસાર.

**<u>::: કારણો :::</u>**

➢ **<u>મુદ્દા નં. ૧ થી ૩</u>** : –

ઉપરોકત મુદ્દા અરસપરસ સંકળાયેલા હોય હકીકતોનું પુનરાવર્તન નિવારવા દરેક મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવી રહેલ છે.

હાલ બંને પક્ષોની વચગાળાની મનાઈ અરજીના સંદર્ભમાં નિર્ણય કરવાનો છે તે સમયે અદાલતે પ્રથમ દર્શનીય કેસ, સગવડતાની સમતુલા અને ભરપાઈ ન થઈ શકે તેવા નુકસાનનો વિચાર કરવાનો રહે છે. જો કે, કાયદા ની વિકસીત થયેલ પરિસ્થિતિ છે કે, આ તબકકે આપણે જાણે મીની ટ્રાયલ ચલાવતા હોય તે રીતે પક્ષકારોની તકરારોનું નિરાકરણ કરવાનું હોય નહી. જે પક્ષકાર એવી હકીકત દર્શાવી શકે કે ચલાવી શકાય તેવા અને હકીકતોના મહત્વના સવાલો રહેલા છે અને તેમનો દાવો કોઈ દેખીતી ખામીના કારણે રદ થવાને પાત્ર નથી તો તેને પ્રથમ દર્શનીય કેસ ગણી શકાય.

વધુમાં મનાઈ અરજી બાબતે દિવાની કાર્યરીતી સંહિતામાં મનાઈ હુકમ બાબતના પ્ર બંધોને ધ્યાને લેવા અનીવાર્ય બની રહે છે, અને જે નીચે મુજબ છે.

કામ ચલાઉ મનાઈ હુકમનું સંચાલન દિવાની કાર્યરીતી સંહિતાના આદેશ ૩૯ નિયમ ૧ અને ૨ મુજબ થાય છે, અને જેના પ્રબંધો જોવામાં આવે તો

''કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય તેવા કેસ કે જેમા કોઈપણ દાવામાં સોગંદનામાથી અથવા બીજી રીતે એવું સાબિત થાય કે,

(ક) દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાંની કોઈપણ તકરારી મીલકત વેડફી નાંખી કંઈ નુકશાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં તે ગેરવ્યાજબી રીતે વેચાશે તેવી દહેશત છે.

(ખ) પોતાના લેણદારોને દગો દેવાના ઉદ્દેશથી પ્રતિવાદી પોતાની મીલકત ખસેડવાની અથવા તેનો નિકાલ કરવાની બીક બતાવે છે અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે.

(ગ) દાવા માની તકરારી મીલકતના સબંધમાં, વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપે છે.

ત્યારે હુકમ કરીને ન્યાયાલય આવુ કાર્ય થતું અટકાવવા માટે કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકશે.

૮.. સમગ્ર રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે તેઓને દાવાવાળી ખેતીની જમીનમાં હીસ્સો જુદો પાડી આપવા તથા વિજ્ઞાપન તથા કાયમી મનાઈહુકમ મેળવવા માટે કરેલ છે. આ કામે નીચેની બાબતો નિર્વિવાદ છે.

૧) દાવાવાળી ખેતીની જમીન ગુજરનાર સ્વ.ભીમાભાઈ બેચરભાઈ કાનકડીયા ધરાવતા હતા.

૨) ભીમાભાઈ બેચરભાઈનુ તા.૭/૦૩/૨૦૧૧ ના રોજ અવસાન થયેલ છે.

૩) દાવાવાળી જમીનમાંથી પ્રતિવાદી નં–૧,૨,૩,૬ નાએ એટલેકે સ્વ.ભીમાભાઈ બેચરભાઈના પત્ની અને ત્રણ પુત્રીઓએ પોતાનો હક જતો કરેલ છે.

૪) દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં હાલ પ્રતિવાદી નં–૪, ૫ અને ૭ નુ નામ ચાલ ે છે.

૫) વાદીએ રેવન્યુ રેકર્ડમાંની પ્રતિવાદીઓની નોંધ રદ કરવા સારૂ ડીલે સાથે અપીલ ફાઈલ કરેલી.

૬) સદરહુ વાદીની ડીલે કોન્ડોનની અરજી નામંજુર કરવામાં આવેલ છે.

વાદીનો એવો કેસ છે કે દાવાવાળી જમીન તેઓના ગુજરનાર પિતાશ્રી સ્વ.ભીમાભાઈ બેચરભાઈને વારસાઈ મળેલ હતી અને તેની નોંધ અરડોઈ ગામના ગામ નમુના નં–૬ માં નોંધ નં–૧૦૯૦ થી ૧૯૪૨ સુધી થયેલી છે. વાદીના પિતાશ્રીએ પ્રથમ દિવાળીબેન સાથે લગ્ન કરેલ હતા અને તેનાથી બે સંતાનો (૧) પ્રભાબેન તેમજ (૨) વિજયાબેનનો જન્મ થયેલો. અને ત્યારબાદ

દિવાળીબેનનુ અવસાન થતા વાદીના પિતાશ્રીએ પ્રતિવાદી ચતુરાબેન સાથે લગ્ન કરેલા અને આ પુનઃલગ્નથી પ્રતિવાદી નં–૩ થી ૫ નો જન્મ થયેલો અને પ્રતિવાદી નં–૬ અને ૭ એ ચતુરાબેનના પહેલા લગ્નથી થયેલા સંતાનો છે અને ચતુરાબેન ભીમાભાઇ સાથે પુનઃલગ્ન થયા ત્યારે આંગળીએ લાવેલ.

સદરહુ ઉપરોકત હકીકતોના સમર્થનમાં એટલેકે ભીમાભાઇ બેચરભાઇને દાવાવાળી જમીન વારસાઈથી મળેલ તે હકીકતના સમર્થનમાં આંક–૪ ના લીસ્ટથી નીશાની–૨ થી ગામ નામુના નં–૬ નં હકપત્રકની ખરી નકલ રજુ રાખેલ છે તેમજ ગુજરનાર સ્વી.ભીમાભાઇ બેચરભાઇ વાદીના પિતાશ્રી થતા હતા તે હકીકતના સમર્થનમાં વાદીએ આંક–૪ ના લીસ્ટથી નીશાની–૩ થી તલાટી–કમ–મંત્રી રૂબરૂ કરવામાં આવેલ વારસાઇ આંબાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે તેમજ નીશાની–૪ થી વાદીના નિશાળ છોડયાના દાખલાની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે જે બંને દસ્તાવેજો ધ્યાને લેતા વાદી ગુજરનાર સ્વી.ભીમાભાઇ બેચરભાઇના પુત્રી થતા હોવાનુ પ્ર થમદર્શનીય જણાઇ આવે છે. વધુમાં આ બંને દસ્તાવેજો એટલેકે વારસાઇ આંબો અને શાળા છોડયાના દાખલા અંગે પ્રતિવાદીઓ તેઓના લેખિત જવાબમાં મૌન રહેલા છે અને આ દસ્તાવેજો ખરાપણા વિશે તકરાર લીધેલ નથી.

વાદીનો વધુમાં કથન છે કે દાવાવાળી જમીન વડલોપાર્જીત મિલકત છે અને તેમાં વાદીનો કાયદેસરનો વારસાઈ હકક, હિત, હિસ્સો સમાયેલ છે. તે અંગે જોવામાં આવે તો આ કામે વાદી ગુજરનાર સ્વ.ભીમાભાઇ બેચરભાઇના પુત્રી થતા હોવાનુ પ્રથમદર્શનીય જણાઇ આવેલ છે. ત્યારે આ કામના પ્રતિવાદીઓની સ્વીકૃતિ કે પ્રતિવાદી નં–૧,૨,૩,૬ નાએ એટલેકે સ્વ.ભીમાભાઇ બેચરભાઇના પત્ની અને ત્રણ પુત્રીઓએ પોતાનો હક જતો કરેલ છે તે તેમજ ગામ નમુનો નંબર–૬ હકપત્રકની નોંધ નં–૫૧૦૫ તા.૧૯/૦૪/૨૦૧૪ ના રોજની કે જે આ કામે આંક–૪ ના લીસ્ટથી નીશાની–૨ થી રજુ છે તે ધ્યાને લેતા એ સ્પષ્ટ ફલિત થાય છે કે ગુજરનાર સ્વ.ભીમાભાઇ બેચરભાઇની પત્ની અને તેઓની પુત્રીઓનો દાવાવાળી જમીનમાં હક હીસ્સો હતો અને તે પૈકી પ્ર તિવાદી નં–૧,૨,૩, ૬ નાએ તેઓનો હક જતો કરતા હાલ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં પ્ર તિવાદી નં–૪, ૫ અને ૭ એટલેકે ગુજરનાર સ્વ.ભીમાભાઇ બેચરભાઇના પુત્રોનુ નામ ચાલે છે. અને આમ દાવાવાળી જમીન એ વારસાઇ જમીન છે અને જેથી તેમા વાદીનો પણ કાયદેસરનો હક હીત હીસ્સો આવેલો છે તેવુ પ્રથમદૃષ્ટિએ જણાઇ આવે છે.

૯.. આ કામે વાદીનુ વધુમાં કથન છે કે તેઓનો દાવાવાળી જમીનમાં સંયુકત રીતે કબજો

ભોગવટો ધરાવે છે પરંતુ આ કામે વાદીનો પ્રત્યક્ષ કબજો દાવાવાળી જમીનમાં હોય તેવુ વાદી દર્શાવી શકેલ નથી. વાદીએ આ કામે કમિશન કરાવેલ નથી કે દાવાઅરજી સાથે જમીનના મહેસુલ ભર્યા અંગે કોઈ પહોંચ, ફોટોગ્રાફસ વિગેરે રજુ કરેલા નથી. વધુમાં જોઇએ તો આ કામે વાદી એકબાજુ પોતાની દાવાઅરજીમાં દાવાવાળી જમીનમાં તેઓ વાદીનો સંયુકત કબજોભોગવટો હોવાનુ જણાવે છે જયારે જમીનનો કબજો પ્રતિવાદીઓ વાદીને સોંપી આપે તેવો કાયમી મનાઇહુકમ દાવાઅરજીમાં માંગેલ છે. જયારે આંક–પ ની મનાઈઅરજીમાં પ્રતિવાદીઓ દાવાવાળી જમીનમાં તેઓ વાદીને જતા અટકાવ, અંતરાય કે રૂકાવટ કરે કરાવે નહી કે હેતુફેર કરે–કરાવે નહી તેવો કામચલાઉ મનાઇહુકમ માંગેલ છે જે તમામ હકીકતોએ વાદીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો દાવાવાળી જમીનમાં હોઇ તેવુ ફલિત થતુ નથી. વધુમાં વાદીએ મનાઈઅરજીના પેરા નં–૧૦(૨) માં જે કબજા અંગેની કામચલાઉ દાદ માંગેલ છે તેવી દાદ કાયમી સ્વરૂપની દાવાઅરજીમાં માંગેલ ન હોય જેથી પણ વાદીને કબજા અંગેની વચગાળાની દાદ મળી શકે તેમ નથી.

**૧૦..** આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીનુ, દાવાવાળી જમીનમા હીત સમાયેલ છે તેવુ પ્ર થમદર્શનીય રીતે જણાઈ આવે છે. તેમજ પ્રથમદર્શનીય રીતે વાદીએ દર્શાવેલ છે કે કેસ ચાલે ત્યારે તે અંગેનો એક સારો મુદ્દો ઉપસ્થિત કરી શકાય તેમ છે. અને આમ વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોય, પ્રતિવાદી નં. ૪, ૫ અને ૭ નાઓ દાવાવાળી જમીન અન્ય કોઈ વ્યકિતને વેચાણ, બક્ષીસ કે અન્ય કોઇ રીતે ટ્રાન્સફર કરે તો વધુ દાવાદુવી ઉભા થાય અને વાદીને નાણામાં ન માપી શકાય તેવું નુકશાન જાય તેમ છે. તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ૧૯૮૩(૨) જી.એલ.આર પાના નં–૯૬૧ ઉપરના ઈબ્રાહીમ શાહ મહોંમદ વિ. નુરઅહેમદ મહોંમદ** ના ચુકાદામાં ઠરાવેલ છે કે જયારે વધુ દાવાદુવી ઉભી થવાની શકયતાઓ રહેલી હોય ત્યારે વચગાળાનો મનાઇહુકમ મંજુર કરી શકાય. જેથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીનો પ્ર થમર્દશનીય કેસ હોય, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં હોય જો માંગ્યા મુજબનો મનાઇહુકમ તેઓને આપવામાં ન આવે તો તેઓને નાણામાં આંકી ન શકાય તેવુ નુકશાન થાય તેમ હોય મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ અંશતઃહકારમાં આપી, મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

વાદીની આંક–પ ની મનાઈ અરજી આથી અંશતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**આ કામના પ્રતિવાદી નં–૪,૫ અને ૭ નાએ જાતે તેઓના પ્રતિનિધિ, એજન્ટ, સગા સંબંધીઓ, મળતીયા કે અન્ય કોઇ વ્યકિત મારફતે દાવાવાળી રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના અરડોઇ ગામની સર્વે નં–૪૦૦/ર પૈકીની ખેતીની જમીન, આ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈપણને કોઇ પ્રકારે વેચાણ, બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર એસાઈન કરવી કરાવવી નહી તેવો મનાઈહુકમ ફરમાવવામાં આવે છે.**

**ખર્ચ દાવાનાં આખરી પરીણામને અનુસરશે.**

**હુકમ આજ તારીખ : ર૬ મી માંહે : એપ્રિલ, સને : ર૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સાંભળાવી જાહેર કર્યો.**

**તારીખ :–ર૬/૦૪/ર૦૧૯**
**સ્થળ :– કોટડા સાંગાણી.**

**(ધવલકુમાર ચંદ્રકાન્ત ગોહીલ)**
**પ્રિન્સિ.સિવિલ જજ, કોટડાસાંગાણી.**
**U.I.C. No.GJ01240**